ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/ ૬૩૯ - ૬૭૩
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૨/૨૦૨૦.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે BISAG ના માધ્યમથી મહાનુભાવોના પ્રેરક વક્તવ્યો પ્રસારિત કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ માસમાં ધો-૧૦ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ લેવાનાર છે. તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. બોર્ડ દ્વારા તજજ્ઞો મારફતે વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન મળી રહે તે માટે BISAG ના માધ્યમથી "વંદે ગુજરાત" ચેનલ-૧૦ પરથી મહાનુભાવોના પ્રેરક વક્તવ્યોના પ્રસારણનું આયોજન નીચે દર્શાવ્યા મુજબ કરવામાં આવેલ છે.

ક્રમ	તારીખ	સમય	મહાનુભાવનું નામ
૧	૧૧/૦૨/૨૦૨૦	સવારે ૧૧ કલાકે	શ્રી શૈલેષ સગપરિયા
૨	૧૪/૦૨/૨૦૨૦	સવારે ૧૧ કલાકે	શ્રી જગદીશ ત્રિવેદી
૩	૧૮/૦૨/૨૦૨૦	સવારે ૧૧ કલાકે	શ્રી જવલંત છાયા
૪	૨૧/૦૨/૨૦૨૦	સવારે ૧૧ કલાકે	શ્રી ધૈવત ત્રિવેદી
૫	૨૫/૦૨/૨૦૨૦	સવારે ૧૧ કલાકે	શ્રી ચંદ્રકાંત મહેતા
૬	૨૮/૦૨/૨૦૨૦	સવારે ૧૧ કલાકે	શ્રી કૌશિક મહેતા

આ મહાનુભાવોના વક્તવ્યોનો શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને શાળાના આચાર્યો લાભ લે તે માટે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જાણ કરવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના :-</u>

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

૬.૪
૭.૨.૨૦૨૦

E:\HK-\BISAG\2020\પરિપત્ર-મહાનુભાવોના વક્તવ્યો BISAG પ્રસારણ 2020.docx

જિ.શિ.અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ૭૫૩...
તારીખ ૦૭.૦૨.૨૦૨૦
સહી...
કચેરીની ...

મ.નં. ક-૪/પ્લાન/૩૯૨૭
જિ.શિ.અ.કર્યાલી,
વડોદરા
તા. 11-2-2020

૨/- મળ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી/સરકારી મા.અને
ઉ.મા.શાળાઓ, (તમામ)
જિ.વડોદરા